Extra No. 193

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, JUNE 5, 2025 / JYAISTHA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માર્ગ અને મકાન વિભાગ**ના તારીખઃ **૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીજે-૨૦૨૫નો ૧/બીસીએસ-૧૧-૨૦૦૫-(૪)-ઈ-૨.-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સાજg પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Junior Architect, Class II, Recruitment Rules, 2015

જુનિયર સ્થપતિ (જુનિયર આર્કિટેક્ટ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું

માર્ગ અને મકાન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજે/૨૦૨૫નો ૧/બીસીએસ-૧૧-૨૦૦૫-(૪)-ઈ ૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, જુનિયર સ્થપતિ (જુનિયર આર્કિટેક્ટ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો જુનિયર સ્થપતિ (જુનિયર આર્કિટેક્ટ), વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. જુનિયર સ્થપતિ (જુનિયર આર્કિટેક્ટ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, ખંડ (ક)માં, "તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે" એ શબ્દોને બદલે, "તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "સારા" નો આધારચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષર મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૪માં,-

(૧) ખંડ (ક)માં, "૩૩ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ" એ આંકડા અને શબ્દોને બદલે, "૩૮ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ એ આંકડા અને શબ્દો મૂકવા.

(૨) ખંડ (ગ)માં, પેટા-ખંડ (૨)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:-

"(૨) આર્કિટેક્ટના વ્યવસાયમાં જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી, મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સ્થાપત્ય મદદનીશ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ જગા ગણી શકાય તેવી જગા પરનો, સ્થાનિક મંડળો/ સરકાર/ સરકારી અન્ડરટેકિંગ(ઉપક્રમ)/ બોર્ડ/ કોર્પોરેશન/ કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાંનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હિતેષ પટેલ,

સરકારના નાયબ સચિવ,

માર્ગ અને મકાન વિભાગ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.06.28 13:52:16 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar